હિંદુસ્તાનનો ઇતિહાસ

ભાગ ૧ લો.

રચનાર

જીજીભાઈ ખરશેદજી કાપડયા—માસ્તર

"એંગ્લો પરશીયન પ્રેસ,"

બહારકોટ, અબદુલ રેહેમન સ્ટ્રીટ, મુંબઈ

સને ૧૮૯૭

કિંમત ૪ આના.

હિંદુસ્તાનનો ઇતિહાસ.

ભાગ ૧ લો.

પ્રકરણ ૧ લું.

પ્રાચીન હિંદુસ્તાન.

છેક પ્રાચીન કાળમાં અસલી ઇરાની, હિંદુઓ અને ઇંગ્રેજોના બાપદાદાઓ મધ્ય એશિઆમાં રહેતા હતા અને આર્યન નામથી ઓળખાતા હતા. જેમ તેમની સંખ્યા વધતી ગઇ તેમ તેઓ જુદેજુદે વખતે સ્વદેશ છોડી જુદી જુદી દિશા તરફ જઇ વસ્યા. પશ્ચિમ તરફ ગયલા લોકો રફતે રફતે છેક હાલના આયરલૅન્ડ દેશમાં જઇ વસેલા અને તે દેશને આરયલૅન્ડ એટલે આર્યન લોકોની ભૂમિ એવું નામ આપેલું લાગે છે. જેમ ઇરાન શબ્દ આર્યન શબ્દનો મળતો લાગે છે તેમજ આયરલેન્ડ શબ્દ પણ કાંઇજ નહી પણ આર્યલેન્ડનો અપભ્રંશ હોવો જોઇએ.

જે આર્યનો હિંદુસ્તાનમાં સિંધુ નદી આગળ આવી વસ્યા તેમને તેમના પડોસી ઇરાનીઓએ હિંદુ નામ આપ્યું જે ઉપરથી હિંદુસ્તાન એટલે હિંદુ લોકોનું ઠેકાણું એ નામ નીકળ્યું. પણ આર્યનોએ પોતાનાં નામ ઉપરથી હિંદુસ્તાનને પેહેલાં આર્યવર્ત એટલે આર્યનોનું રહેઠાણ એવું નામ આપેલું, જે ભાગ હિમાળય તથા વિંધ્યા પર્વતોની વચ્ચે આવેલો હતો.

અસલી આર્યનો એક ખોદાને માનતા હતા, અને આજના પારસી કે હિંદુની માફક સુર્ય, ચંદ્ર, કે સમુદ્ર સામે મો કરીને ખોદાને આરાધતા હતા.

મનુના કાયદા ગ્રંથ ઉપરથી જણાયછે કે અસલી હિંદુઓ ૪ વર્ગમાં વેંહેંચાયલા હતા:—બ્રાહમણ, ક્ષત્રી, વૈશ્ય, અને શૂદ્ર. રાજા આપખુદ હતા. તેઓ જમીન, ઉત્પતી, ધાતુ, વેપારની જિનસો, વેચાણ તથા ખરીદી ઉપર કર નાખી પોતાની મેહેસુલ મેળવતા. વળી માથાંવેરો લેવાનો પણ તેમનામાં રવૈયો હતો. જેઓ તે કર ભરવાને અશકત હતા તેમને રાજાને ત્યાં મહિનામાં એક વખત વેઠે કામ કરવાની ફરજ પડતી. રાજા ઇનસાફનું કામ બ્રાહમણોની મદદ લઇ કરતા. સ્રીઓ મરદોને તદન તાબેદાર હોતી. પુનર્વિવાહ કરવાની મના હતી; પણ સતીનો ચાલ તેમનામાં હતો નહી.

બ્રાહમણી ધરમ ઘણો વખત સુધી ચાલુ રહયો હતો. તે ધરમથી લોકોને કંટાળો છુટયો એટલે તેઓએ બુદ્ધ ધરમ અખત્યાર કર્યો. મેવાઢના રાજા અસોકે એ ધરમ ઘણો ફેલાવી નાખ્યો, અને આખા હિંદુસ્તાનમા બુદ્ધ દેહેરાં બંધાયાં; પણ કેટલેક વરશે એ ધરમ પણ ચાલતો અટકી પડયો અને બ્રાહમણી ધરમ પાછો જગેજગ ચાલુ થયો.

—⊜—

પ્રાચીન હિંદુરાજ્યો.

૧. અયોધ્યા (આઉદ); ૨, પ્રયાગ (અલ્લાહબાદ); ૩, મેઘાઢ (બેહાર); ૪, માળવા; ૫, કનોજ; ૬, ગુજરાત; અને ૭, હેઠળ જણાવેલાં દક્ષિણ રાજયો :—

(૧) પાંદયા—મદુરા અને તીનેવેલી.

(૨) ચોળા—તામીલ દેશ, રાજધાની કંચી (કોન્જીવિરામ).

(૩) ચેરા—ત્રાવનકોર અને કોઇમ્બેતોર.

(૪) કેરાલા—મલબાર અને દનેરા.

(૫) તેલીનગના—ગોદાવરી અને કૃષણા નદીઓ વચ્ચેનો મુલક—રાજધાની વરંગલ.

છેક પ્રાચીન કાળમાં હિંદુસ્તાનઉપર સ્વારીઓ.

૧. સીથીઅન (સાંપ) લોકોએ ઇસવી સન પૂર્વે ૬૦૦ ના સુમારમાં હિંદુસ્તાન ઉપર સ્વારી કરી મેવાઢનાં રાજને કચડી નાખ્યું.

૨. ઇરાનના દરાયુસ હીસ્તાસ્પીસ (ગુસ્તાસ્પ) પાદશાહે ઇ. સ. પૂર્વે ૫૧૮ નાં વરશમાં હિંદુસ્તાન ઉપર હુમલો કર્યો. તેણે જીતેલો ભાગ ઘણો મોટો હોવો જોઇએ; કારણ કે હિંદુસ્તાનમાંથી દર વરશ જે તેને મેહેસુલ મળતી હતી તે તેના ઇરાની શેહેનશાહતની મેહેસુલના ત્રીજા ભાગ જેટલી હતી.

૩. યુનાન (ગ્રીસ) દેશના મેસીદોન્યાના રાજા સીકંદરે ઝેલમ આગળ પોરસ રાજાને હરાવ્યો; પણ તેની શ્રેષ્ઠ હિંમત ઉપર પ્રસન્ન થઇ તેનું રાજ તેને પાછું આપ્યું.

મુસલમાનોનો પેહેલો હુમલો.

૪. મુસલમાની ધરમ પાળનારાઓ હિંદુસ્તાનમાં પ્રથમ ઇ. સ. ૭૧૧ ના વરશમાં આવ્યા હતા. તેઓ ૪૦ વરશ સિંધમાં આવી રહયા અને ત્યાંની હિંદુ વસ્તીનો તદ્દન નાશ કરી જતા રહયા, અને ત્યારપછી ૨૦૦ વરશ સુધી પાછા ફરયા નહી.

૫

મુસલમાની અમલ.

——:0:——

પ્રકરણ ૨જું.

ઘઝની વંશ.

૧. અલપ્તગીન ખોખારાના અબદુલ મુલ્ક નામના એક તાતારી વંશના રાજાનો ગુલામ હતો. પોતાના ધણીની મેહેરબાનીથી તે ખોરાસાનનો હાકેમ બન્યો હતો; પણ તેનાં મરણ પછી તેને ખોરાસાનમાંથી હાંકી મુકયો, એટલે તેણે અફગાનીસ્તાનમાં કાબુલથી ૯૦ માઈલ દુર આવેલાં ઘઝની શેહેરમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય ચાલુ કીધું.

અલપ્તગીન.

૨. અલપ્તગીનનાં મરણ પછી તેનો ગુલામ સબકતગીન ઘઝનીનો પાદશાહ થયો. ઘઝનીમાં એક મુસલમાની રાજ ચાલુ થયલું જોઇ સઘળા હિંદુ રાજાઓ એકઠા થઇ તેની સામે થયા; પણ સબકતગીન એક હુશિયાર લડવૈયો હતો, જેણે તે સઘળાઓને હરાવ્યા, અને છેક સિંધુ નદી તથા પેશાવરસુધી મુસલમાની રાજ લંબાવ્યું.

સબકતગીન.

૩. સબક્તગીનનાં મરણ પછી તેનો પુત્ર, પ્રખ્યાત મહમુદ, ઘઝનીનો સુલતાન થયો, ઈ. સ ૯૯૬. તે પાછળથી "ઘઝનીનો મહમુદ" એ નામથી જાણીતો થયો હતો. તેણે ૩૪ વરશ રાજ્ય કરયું. તે પોતાના ધરમ ઉપર ઘણો ચુસ્ત હતો. તે ધરમ હિંદુસ્તાન તથા બીજા દેશોમાં ફેલાવવાની તેણે કોશેસ કીધી. હિંદુસ્તાન ઉપર તેણે ૧૨ વેળા સ્વારી કરી હતી. પેહેલી સ્વારીમાં તેણે લાહોરના રાજા જેપાલને પેશાવર આગળ લઢાઇમા હરાવ્યો, ઈ. સ. ૧૦૦૧. સાત વરશ પછી તેણે ઘણાએક રાજાઓનાં ભેગાં લશકરને પેશાવરની બીજી લડાઇમાં હરાવ્યાં, ઈ. સ. ૧૦૦૮. નવમી સ્વારી ઘણીજ ભયંકાર હતી, ઈ. સ. ૧૦૧૯. આ વખતે મહમુદ એક મોટું લશકર પોતાની સાથ લાવ્યો હતો, અને આગ્રાથી ૩૦ માઇલ દુર મથુરા શેહેરસુધી વધ્યો હતો. રસ્તે જતાં જે શેહેરોમાંથી તે પસાર થયો તે સઘળાં તેણે લુટયાં, તથા દેહેરાંઓ ભાંગીને ઉંધાડયાં અને ત્યાંની સઘળી મૂર્તિઓ તોડી નાખી. ત્રણ વરશ પછી તેણે ફરીથી હિંદુસ્તાન ઉપર હુમલો કર્યો અને લાહોર શેહેર તદન જીતી લઇ ત્યાં પોતાનો હાકમ નેમ્યો, ઈ. સ. ૧૦૨૨. આ સાલમાં હિંદુસ્તાનમાં મુસલમાની રાજનો પાયો નખાયો અને ઘઝનીને બદલે લાહોર મુસલમાન રાજ્યની રાજધાની થઇ. એ પછી મુસલમાન લોક હિંદુસ્તાનમાંથી પાછા ગયા નહી. છેલ્લી સ્વારી મહમુદે ગુજરાત

મહમુદ

પ્રાંતમાં સોમનાથનું દેહેરું લુટવા ખાતર કરી હતી. આ વખતે હિંદુઓ ઘણીજ બહાદુરીથી લડયા હતા; પણ આખરે તેણે તે દેહેરું લીધું. બ્રાહમણ લોકોએ મૂર્તીઓનો નાશ ન કરવાને તેને વિનંતી કરી, પણ મહમુદ તો તેનો નાશ કરવાની મતલબથીજ આવેલો હતો તેથી તેણે મૂર્તિઓ ફોડી જયારે તેમાંથી કરોડો રૂપીયાનાં બેહદ જવાહીરો તેને હાથ લાગાં. એ પછી ૬ વરશે એટલે ઈ. સ. ૧૦૩૦ ના એપ્રલ માસની ૨૯ તારીખેં મહમુદ ૬૩ વરશની વયે મરણ પામ્યો.

મહમુદની વર્ત્તણુંક.

૪. મહમુદ ઘણો બહાદુર, ચાળાક અને સાહસિક હતો. તેણે વિદ્યા, હુન્નર અને ખેતીવાડીને ઉત્તેજન દીધું. તેને "આઇકોનોકલેસ્ત" એટલે મૂર્તિ તોડનારો કહે છે. તેનાં મરણ પછી તેના વંશમા કુસંપ ચાલ્યો જેથી જે હિંદુસ્તાનના ભાગો તેણે જીતી લીધા હતા તે સર્વ હિંદુ રાજાઓએ પાછા લઇ લીધા. ઘઝની વંશનો છેલ્લો રાજા ખુશરૂ હતો. તેના બાપના વખતમાં ઘોર પ્રાંતના મહમદ ઘોરીએ હિંદુસ્તાન ઉપર ચઢાઇ કરી તેનું રાજ જીતી લીધું, ઇ. સ. ૧૧૫૨. ખુશરૂએ ૧૧૮૬ સુધી લાહોરમાં રાજ ચલાવ્યું હતું.

ઘોરી વંશ.

૧૧૮૬—૧૨૦૬.

૬. મહમદ ઘોરી અફગાનીસ્તાનમાં હેરાત અને ધઝની વચ્ચે આવેલા ઘોર પ્રાંતનો રાજા હતો. તે પ્રાંત ઉપરથી તે રાજાનાં વંશને ઘોરી વંશ કેહેવામાં આવ્યું.

મહમદ ઘોરી.

એ રાજા બળવાન હતો. એણે ૧૧૯૧ માં અજમેર ઉપર ચઢાઇ કરી; પણ ત્યાંના પાદશાહ પૃથુરાજે તેને પાનીપટની લડાઇમાં હરાવ્યો. ત્યાર પછી ૧૧૯૩માં મહમદ એક ઘણીજ મોટી ફોજ લઇ પાછો આવ્યો અને પૃથુરાજને §થાનેશ્વરની લડાઇ માં હરાવ્યો. પૃથુરાજ લડાઇમાં મારયો ગયો. હવે મહમદે દિલ્લી લીધું, અને બીહાર લુટયું. દેશી રાજાઓ અને તેમના સાથીઓ મહમદ ઘોરીની સાંમે ટકી શક્યા નહી તેથી તેઓ જેને હાલમાં રજપુટાના કહે છે ત્યાં જઇ વસ્યા. ઘઝની તરફ પાછાં જતાં સિંધુ નદીને કાંઠે છાવણી નાખી મહમદ સુતો હતો, તે વખતે દુશમનની એક ટોળીએ તેના તંબુમાં દાખલ થઇ તેને મારી નાખ્યો, ૧૨૦૬. તે મુસલમાની રાજ્યનો ખરો સ્થાપનાર હતો. તેને છોકરાં ન હતાં

§ થાનેશ્વર—સરસ્વતી અને જમના નદીઓ વચ્ચે તથા દિલ્લીથી ૩૦ માઇલ દુર છે.

તેથી તેનું રાજ્ય લેવા ખાતર તેના સરદારોમાં ઝઘડા થયા. આ-ખરે દિલ્લીનો સુબો કુત્બ-ઉદ્-દીન દિલ્લીની ગાદીએ બેઠો. ઘોરી વંશનો મહમદ પહેલો તેમજ છેલ્લો રાજા હતો.

૭. મહમુદ અને મહમદ ઘોરી વચ્ચે ફરક એ હતો કે પેહેલો પોતાના ધરમનો ફેલાવો કરવાને લડયો હતો જ્યારે છેલ્લાએ રાજ્ય વધારવા ખાતર લડાઇઓ ચલાવી હતી.

ગુલામી વંશ

૧૨૦૬—૧૨૮૮.

ગુલામી વંશના રાજાઓએ દિલ્લીમાં ૮૨ વરશ રાજ ચલાવ્યું.

કુત્બ-ઉદ-દીન. કુત્બ-ઉદ-દીન એ વંશનો, તથા દિલ્લીની ગાદી ઉપર બેઠેલા તમામ મુસલમાન રાજાઓમાં, પેહેલો રાજા હતો. એ રાજા પેહેલાં મહમદ ઘોરીનો એક ગુલામ હતો તેથી તેના વંશને ગુલામી વંશ કહે છે. તેણે ૪ વરશ રાજ કરયું (૧૨૦૬–૧૨૧૦). તે મોટો લડવૈયો, રૈયત તરફ ઉદાર, તથા પોતાના ધણી તરફ વફાદાર હતો. દિલ્લી માંહેલો કુત્બ મિનાર હજી તેની યાદગારી જાળવે છે. ગુલામી વંશના ૧૦ રાજા થઇ ગયા.

અલ્તમ્શ.

તેઓમાં અલ્તમ્શ મુખ્ય હતો. તે કુતબ-ઉદ-દીનના દિકરા આરામ પછી દિલ્લીની ગાદી ઉપર આવ્યો. તેણે તરત માલવા લીધું, તથા બીજાં મુસલમાન રાજ્યોને દિલ્લીને તાબે કરયાં. તેના અમલમાં તાતાર અથવા મોગળોએ ઉત્તર તરફથી અફઘાનીસ્તાન ઉપર હુમલો કર્યો, અને તે જીતી લીધું.

સુલ્તાના રઝીયા બેગમ ૧૨૩૬-૯.

અલ્તમ્શ પછી તેનો દિકરો રૂકનુદ-દીન ગાદીએ બેઠો; પણ તેને ૭ મહિનાની અંદર તેની બેહેન રઝીયા બેગમે ઉઠાડી મુક્યો અને પોતે રાણી થઇ. તે ઘણી સુંદર, શિખેલી અને ચાળાક હતી તેણે સારી રીતે રાજ ચલાવ્યું; પણ માનીતાઓ ઉપર ફિદા થતી હતી તેથી તેના સદગુણને ડાઘ લાગ્યો અને તેના અમીરોએ તેને મારી નાખી.

નાઝીર-ઉદ-દીન ૧૨૪૪-૬૬.

નાઝીર-ઉદ-દીન મહમુદ અલ્તમ્શનો પૌત્ર હતો. તેણે ફારસી સાહીત્યને ઉત્તેજન દીધું. ગ્યાઝ-ઉદ-દીન બલબન, એક તુર્કી ગુલામ તેનો વઝીર હતો. તેના અમલમાં ઘઝની દિલ્લી-સાથ જોડાયું અને સઘળાં હિંદુ રાજ્યો તેને તાબે થયાં.

આઝુદ્દીન બલબન તેના પછી ગાદીએ આવ્યો. તેને તેના સુબાઓ સાથ ખટપટ ચાલી હતી. તે સઘળા-ઓને તેણે તેમના ઓદ્ધા ઉપરથી હાંકી કાઢયા અને તેમના ઉપર ઘણુંજ ધાટકીપણું ગુજારયું. ઘણાક હિંદુ રાજાઓએ તેના સાંમે બંડ ઉઠાવ્યાં હતાં; પણ તે સઘળાં બંડ તેણે તદન બેસાડી દીધાં. દિલ્લીની દક્ષિણે મેવાડમાં રજપુટો તેના સાંમે થયા હતા તેથી તેમના ૧,૦૦,૦૦૦ માણસોને તેણે કપાવી નાખ્યાં. તે ૧૨૮૬ માં મરણ પામ્યો. કેકોબાદ ગુલામી વંશનો છેલ્લો પાદશાહ હતો. તેને તથા તેના દિકરાને મારી નાખી તેનો વજીર જલાલુદીન ખીલજી ગાદીઉપર આવ્યો, ૧૨૮૮.

આઝુદ્દીન બલબન
૧૨૬૬–૧૨૮૬.

ખીલજી વંશ.

૧૨૮૮–૧૩૨૧.

ખીલજી વંશનો પેહેલો રાજા જલાલુદીન ખીલજી હતો, તેને ફીરોજશાહ પણ કહેતા હતા. તેને તથા તેના દિકરાને તેના ભત્રીજા અલા-ઉદ્દ-દીને મારી નખાવ્યા, ૧૨૯૫.

અલા-ઉદ્દ-દીને ઈ. સ. ૧૨૯૭ માં ગુજરાત ઉપર ચઢાઈ કરી, તેની રાજધાની અણહીલવાડનો નાશ કીધો. તેણે ઈ. સ.

૧૩૦૩ માં ચિતોર લીધું. એવું કહે છે કે ચિતોરની રાણી પદ્દમણી અને ૧૩૦૭૦ સ્ત્રીઓ અલ્લા-ઉદ્દ-દીનને તાબે થવાને બદલે આતશની ચેહ ઉપર બળી મુઈ. ઈ. સ. ૧૩૧૭ માં અલ્લા-ઉદ્દ-દીનને તેના વઝીર મલીક કાફુરે ઝેર દઈ મારી નાખ્યો. તે બ્હાદુર અને ચાળાક હતો. તેના પછી તેનો ત્રીજો દિકરો, મુબારક, મલીક કાફુરને મારી નાખી ગાદીએ આવ્યો. તેણે ખુશરૂ નામના એક પરવારી વટલેલને પોતાનો વજીર કીધો; પણ એજ વજીરે તેને મારી નાખી તેનું રાજ લઈ લીધું, ૧૩૨૧.

તઘલખ વંશ.

૧૩૨૧–૧૪૧૨.

ખીલજી વંશનો છેલ્લો પાદશાહ ખુશરૂ હતો. તેને તઘલખ નામના પંજાબના હાકમે મારી નાખ્યો ઈ. સ. ૧૩૨૧. તઘલખે ખેડુતોના હક્કમાં ઘણા લાભકારી કાયદાઓ બાંધ્યા. તેણે દિલ્લીપાસે તઘલખાબાદ નામે એક કિલ્લો બંધાવી ત્યાં પોતાની રાજધાની કરી. બંગાળા તરફથી તે પાછો આવ્યો ત્યારે એક ડેરો તેના ઉપર તુટી પડયાથી તે મરણ

ગ્યાઝ-ઉદ્દ-દીન તઘલખ.

પામ્યો, ઇ. સ. ૧૩૨૫. એવું કહે છે કે એ ડેરો શાહઝાદા મહમદે એવી રીતે ઉભો કરાવ્યો હતો કે સેહેજ ઇશારત ઉપરથી તે નીચે પડીને રાજાને કચડી શકે.

મહમદ તઘલખ.
૧૩૨૫–૫૧.

મહમદ તઘલખ હવે ગાદીએ બેઠો. તે ઘણો ખાટકી પાદશાહ હતો. તેણે લોકો ઉપર એટલા ભારી કરો નાખ્યા કે લોકો તે ભરવાને અશક્ત હોવાથી પોતાનાં ઘરબાર છોડી જંગલમાં જતાં રહયાં જ્યાં તેણે સિપાઇઓ મોકલી તેમનો શિકાર કરાવ્યો વળી તેણે ચીન દેશ ઉપર હુમલો કરવા સારૂ એક લાખ માણસનું લશકર હિમાળય પર્વતને રસ્તે મોકલ્યું, પણ તે પહાડ ઓળંગતાં તે તમામ લશકરનો નાશ થયો. એ રાજાનુ બીજું ઘેલું કામ એ હતું કે તેણે દિલ્લીમાંથી પોતાની રાજધાની ફેરવી દક્ષિણે દોલતાબાદ શેહેરમાં લઇ જવાનો ઠરાવ કીધો અને પોતાની રૈયતને ત્યાં જઇ વસવાને ફરમાવ્યું. એક વખત તેનો દાંત પડી ગયો તેને પાદશાહી દબદબા સાથ દટાવી તે ઉપર એક ઘોર ચણાવી. તે ઇ. સ. ૧૩૫૧ માં ઘણી માછલી ખાધાથી મરણ પામ્યો. દખણના લોકો તેની વિરૂધ બંડ ઉઠાવી છુટા પડયા અને ત્યાં વિજ્યનગર અને બાહમીની રાજ્ય ઉભાં થયાં.

જ્યારે મહમદ તઘલખે વરંગળ લીધું ત્યારે ત્યાંથી નાશી ગયલા હિંદુઓએ તુંગભદ્ર નદી આગળ વિજીય નગર વસાવ્યું હતું, ૧૩૩૬. બાહમીણી રાજ્ય ગંગો નામના એક બ્રાહમણના ગુલામ નજરખાંને સ્થાપ્યું હતું, ૧૩૪૭. એ બંધે રાજ્યો વચ્ચે શ્રેષ્ઠાઇ માટે ઘણું સુધી ઝઘડો ચાલ્યો હતો. વિજીયનગર પાંચ છુટાં રાજ્યોમાં વેહેંચાઇ ગયું:—બિદર, વરાડ (બિરાર), અહમદનગર, બિજાપુર, અને ગોવલકંદા (ગોલકંદા). છેવટે વિજીયનગરનાં રાજ્ય નો તેલીકોતાની લડાઇથી અંત આવ્યો, ૧૫૬૫.

નીચલાં બંગાળાનો પ્રાંત પણ મહમદ તઘલખના વખતમાં સ્વતંત્ર થયો. તે ઉદાર રાજા હતો, તથા અરબી, ફારસી, યુનાની ફિલસુફીમાં તેમજ ગણિત શાસ્ત્રમાં પ્રવીન હતો. તે સદગુણી, બ્હાદુર અને ચાળાક હતો; પણ તેની રાજ્યનીતિ સારી ન હોતી.

ફીરોઝશાહ તેનાથી કેવળ જુદાજ ગુણનો રાજા હતો.

ફીરોઝશાહ. ૧૩૫૧—૮૮

તેણે રૈયતનાં સુખ સારૂં પુલો, નિશાળો, વગેરે કેટલાંક જાહેર બાંધ કામો કર્યાં; તથા ખેતીની આબાદી સારૂં નેહેરો બંધાવી. તે ૯૦ વરશની ઉંમરે ઇ. સ. ૧૩૮૮ માં મરણ પામ્યો. તેણે સતલજ નદી આગળ ફીરોઝપુર શેહેર વસાવ્યું હતું.

તેના પછી તેના બે પોત્ર, ગ્યાસુદીને ૫ મહીના, અને અબુ-બકરએ ૧ મહિનો રાજ ચલાવ્યું; પણ ફીરોઝના વડા દિકરા, નાસીર-ઉદ-દીને તેમને હાંકી કાઢી પોતે રાજ લીધું ૧૩૯૦–૯૪. તેના પછી તેના દિકરા હુમાયુંએ ૪૫ દહાડા રાજ કીધું. તેના ભાઈ બીજા મહમદ તઘલખના અમળમાં માળવા, ગુજરાત, ખાનદેશ, અને જુઆનપુરમાં બંડ ઉઠયાં અને દખણમાં ૧૨ વરશ દુકાળ ચાલ્યો. એણે ૧૩૯૪ માં ગાદી લીધી.

તેમરલેન.

આવા સમયે તૈમુર અથવા તેમરલેન નામનો તાતાર જાતનો વડો હિમાળય પર્વતને રસ્તે હિંદુસ્તાન ઉપર ઉતરી આવ્યો, અને છેક દિલ્લી તથા મીરત લુટી લેવામાં ફાવ્યો. તેને લુટ શિવાય બીજું કાંઇ જોઇતું ન હતું. જ્યાં જ્યાં તેણે પગ મુકયો ત્યાં મારેલાઓની લોથના ઢગ અને વેરાણ શિવાય બીજુ કાંઇ જણાતું ન હતું, ૧૩૯૮–૯૯. તેના જવા પછી મહમદ તઘલખ પાછો ગાદીએ આવ્યો અને ૧૪૧૨ માં મરણ પામ્યો. તે તઘલખ વંશનો છેલ્લો પાદશાહ હતો.

આ વખતે ઉત્તર હિંદુસ્તાનમાં ત્રણ જાતના મુસળમાનો વસ્તા હતા. એક તો ઘઝનીના મહમુદ સાથ આવેલા તર્કો હતા; બીજા, મહમદ ઘોરી સાથ આવેલા અફઘાનો; અને

ત્રીજા, મોગળ લોકો જેમને હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં વસવા દેવાંમાં આવ્યા હતા.

સઇયદ અને લોદી વંશો.

તેમરલેનના હુમલા પછી દેશની હાલત ઘણી માઠી થઇ. સૈયદ વંશ (ઇ. સ. ૧૪૧૪–૫૦) અને લોદી વંશ (ઇ. સ. ૧૪૫૦–૧૫૨૫) ના રાજાઓ પ્રખ્યાત ન હતા. લોદીવંશનો એક રાજા ઇબરાહીમ એટલો તો ઘાટકી હતો કે તેના પોતાના અમીરોએ તેનાથી કંટાળીને કાબુલના રાજ કર્તા બાબરને પોતાની મદદે બોલાવ્યો.



૧૭

પ્રશ્નો.

છેક પ્રાચીન કાળમાં મધ્ય એશિયામાં કયા લોક રહેતા હતા? "આયરલૅન્ડ" નામ વિશે તમને શું લાગે છે? હિંદુસ્તાન નામ કેમ નિકળ્યું? અસલી આર્યનોના ધરમવિશે તમે જે જાણતા હોવ તે કહી જાઓ. મનુના કાયદા ગ્રથમાં અસલી હિંદુઓની જાત તથા રીતભાત વિશે શું લખેલું છે? બ્રાહમણી તથા બુદ્ધ ધરમ વિશે તમે શું જાણોછો? પ્રાચીન હિંદુ રાજયોનાં નામ કહી જાઓ. છેક પ્રાચીન કાળમાં હિંદુસ્તાન ઉપર કોણ કોણે સ્વારી કરી હતી? ગુસ્તાસ્પ કોણ હતો? તેને હિંદુતાનમાંથી કેટલી મેહેસુલ મળતી હતી? જેહ્લમને કાંઠે પોરસ રાજાને કોણે હરાવ્યો હતો. સીકંદરે તેનું રાજ તેને પાછું આપ્યું તેનું કારણ શું? મુસલમાન લોકોએ પેહેલી સ્વારી કયા વરશમાં કરી હતી? અલપ્તગીન કોણ હતો? તે કયા પ્રાંતનો હાકેમ હતો? ઘઝની શેહેર ક્યાં છે? ત્યાં અલપ્તગીને શું કીધું? તેનાં મરણ પછી તેની ગાદી કોણને મળી? તેના સામે કોણ થયું હતું? તેના અમલમાં મુસલમાની રાજનો વિસ્તાર કેટલો હતો? તેના પછી કોણ સુલતાન થયો, અને કયા વરશમાં? મહમુદ ઘઝનીવાલાએ હિંદુસ્તાન ઉપર કેટલી વેળા સ્વારી કરી હતી? પેહેલી સ્વારી કયા વરશમાં થઇ હતી? તેની ૯ મી સ્વારીનું વર્ણન કરો. ઇ. સ. ૧૦૨૨ નું સાલ

શામાટે જણાયલું છે? બારમી સ્વારીનો શો હેતુ હતો? મહમુદની વર્તણુક વિશે શું જાણો છો? ગઝની વંશના રાજાઓએ એકંદર કેટલા વરશ રાજ ચલાવ્યું? "ઘોરી વંશ" નાં રાજાઓ ને એ નામ શા ઉપરથી મળ્યું? ૧૧૯૧ માં શું બન્યું? થાનેશ્વરની લડાઇ કોણ વચ્ચે થઇ હતી? તેનો પરિણામ શો આવ્યો? થાનેશ્વર ક્યાં આગળ છે? મહમદ ઘોરી ક્યાં વરશમાં મરણ પામ્યો? તેનાવિશે શું કહેલું છે? તેને કેટલાં છોકરાં હતા? તેના મરણ પછી રાજ્યમાં શુ બન્યું? મહમુદ અને મહમદ ઘોરી વચ્ચે શો ફરક હતો? ગુલામી વંશે કેટલાં વરશ રાજ કરયું? કુત્બ-ઉદ-દીન કોણ હતો? ગુલામી વંશના કેટલા રાજા હતા? તેઓમાં સૌથી પ્રખ્યાત કોણ થઇ ગયો છે? અલ્તમ્શે કયું રાજ લીધું અને તેના અમલમાં શું બન્યું? રઝીયા બેગમ વિશે તમે શું જાણો છો? અમીરોએ તેણીનુ શું કીધું? કાંય? નાઝીર-ઉદ-દીનના અમલમાં શું બન્યું? બલબનના અમલમાં શું થયું? મેવાડ ક્યાં છે? ત્યાં બલબને શું કીધું?

ખીલજી વંશે કેટલાં વરશ રાજ કીધું? તેનો પેહેલો રાજા કોણ હતો અને તે કયા વરશમાં ગાદીએ આવ્યો હતો? ૧૨૯૫ ૧૨૯૭, ૧૩૦૩ તથા ૧૩૧૭ માં શું બન્યું? અલા-ઉદ-દીન કેવો રાજા હતો અને તેનું શું થયું?

તઘલખ વંશની શરૂઆત કયાં વરશમાં થઇ? ગ્યાસુદીન તઘલખે એકુતો માટે શું કરયું હતું? તેનું મોત કેમ નિપજ્યું? મહમદ તઘલખ કેવા પ્રકારનો રાજા હતો? તેના જુદાં જુદાં મૂર્ખાઇ ભરેલાં કામ કહી જાઓ? તેના અમલમાં દખણમાં કયાં રાજયોની સ્થાપના થઇ, તથા બંગાળામાં શું બન્યું? ૧૩૫૧ મા શું બન્યું? ફીરોઝશાહના સારા ગુણવિશે કહી જાઓ? તેના લોકોપયોગી કામોનું વર્ણન કરો. તે કયારે મરણ પામ્યો? ફીરોઝપુર શેહેર કયાં છે અને તે કેણે વસાવ્યું હતું? હુમાયુંના બાદ મહમદ તઘલખના અમલમાં શું બન્યું હતું? ૧૩૯૮–૯૯ માં શુ બન્યું? ઉત્તર હિદુસ્તાનમાં આ વખતે કઇ જાતના મુસલમાનો વસતા હતા? તઘલખ વંશનો છેલ્લો પાદશાહ કોણ હતો?

તેમરલેનના હુમલા પછી દેશની હાલત કેવી થઇ હતી? સઇયદ વંશનો તથા લોદીવંશનો અમલ કયા વરશોમાં થયો હતો? ઇબરાહીમ લોદી વિશે શું જાણો છો?

જે જુદા જુદા મુસલમાન વંશોએ હિંદુસ્તાન ઉપર રાજ ચલાવ્યું તેમનાં નામ, સ્થાપનારા, અને વરશ આપો. હિંદુસ્તાન-માં મુસલમાની રાજ્યનો પાયો નાખનાર કોણ હતો? તે રાજ કોણના હાથ હેઠળ મજબુત થયું અને તે કયાં વરશમાં. કયા

મુસલમાન શેહેનશાહે પેહેલાં દિલ્લીમાં રાજ ચાલુ કીધું? અલ્તમ્શ, રૂઝીયાબેગમ, બલબન, અને પદમણીની ટુંક હકીકત આપો. ગુલામી રાજાઓમાં સર્વેથી સારો રાજા કોણ હતો? કયો મુસલમાન દખણ તરફ પેહેલી સ્વારી લઇ ગયો? મહમદ તઘલખ સારો તેમજ માઠો પણ હતો, તે તમે શા ઉપરથી કહેશો? ફીરોજશાહનું રાજ્ય શામાટે પ્રખ્યાત હતું? મહમદ તઘલખ અને ફીરોઝશાહની રાજ્યનીતિનો મુકાબલો કરો.

———:0:———



મોગળ વંશ

પ્રકરણ ૩ જું.

બાબર હિંદુસ્તાનમાં મોગળ રાજનો સ્થાપનાર હતો તે તેમુરલંગ અને ચંગીસ્ખાનની ઓલાદનો હતો.

બાબર ૧૫૨૬–૩૦.

તેને ખોકંદનું રાજ્ય પોતાના બાપતરફથી વારસામાં મળ્યું હતું. સમરકંદ તેણે જીત્યું; પણ ત્યાંથી તેને હાંકી કાઢયો એટલે તેણે કાબુલ આવી તેનો કબજો લીધો. ત્યાર પછી હિંદુસ્તાન ઉપર ઉતરી પડવાની તે તક જોતો હતો જે તેને મળતાં વિલંબ લાગો નહી. દિલ્હીના પાદશાહ ઇબ્રાહીમ લોદીથી તેના અમીરો નાખુશ થયલા હતા, તેઓ માંહેલા એકે બાબરને ઇબ્રાહીમ સાથ લડવાને પોતાની મદદે બોલાવ્યો. બાબરને તો એવુંજ જોઇતું હતુ તેથી તુર્ત તે લશકર લઇ આવ્યો. *પાનીપટનાં મેદાનમાં તેની અને ઇબ્રાહીમ લોદી વચ્ચે લડાઇ થઈ જેમાં ઇબ્રાહીમ હારયો અને બાબર દિલ્હીનો પાદશાહ થયો, ઇ. સ. ૧૫૨૬. આ લડાઇમાં મળેલી ફતેહથી હિંદુસ્તાનમાં મોગળ રાજની સ્થાપના થઇ. ઇબ્રાહીમને હરાવ્યા પછી બાબર પોતાને દેશ પાછો ગયો નહી; તે ઉપરથી

*દિલ્હીની ઉત્તરે ૫૦ માઇલ ઉપર છે.

ચીતોરનો રાના સંગ પોતાના ખંડીયા રાજા જેપુર અને બીજા રાજાઓની મદદ લઇ બાબૂર સામે લડવા આવ્યો. *સીક્રી આગળ રાના સંગ અને બાબર વચ્ચે લડાઇ થઇ જેમાં સંગ અને તેના રજપુતોની તદ્દન હાર થઇ, ઇ. સ. ૧૫૨૭. બાબરે ઇ. સ. ૧૫૨૮ માં †ચનદેરી ઉપર હુમલો કરયો જ્યારે રજપુતો જીવ ઉપર આવી તેની સામા થયા. તેઓએ પ્રથમ પોતાનાં બૈરાં છોકરાંને કાપી નાખ્યાં, અને પછી લડાઇમાં ઝુપલાવી તેમના માંહેલો દરેક જન મુવો ત્યાં સુધી તેઓ લડયા. સીક્રી તથા ચન્દેરી આગળની ફતેહથી હિંદુસ્તાનમાં મોગળ લોકોનું રાજ્ય પ્રબળ થયું. ત્યાર પછી બાબરે બંગાળા અને બીહાર લીધું, ૧૫૨૯.

બાબર બહાદુર, ચાલાક, અને પ્રવિણ યાને કાબેલ રાજા હતો. તે ઇ સ. ૧૫૩૦ માં મરણ પામ્યો.

હુમાયું. ઇ. સ. ૧૫૩૦–૧૫૪૦.

બાબર પછી તેનો દિકરો હુમાયું ગાદીએ આવ્યો. તેણે ગુજરાતના બળવંત રાજા બહાદુર શાહને હરાવ્યો અને તેનો ચાંપાનેરનો કિલ્લો લીધો. આ કિલ્લામાં બહાદુરશાહે બેશુમાર ખજાણો એકઠો કર્યો હતો ત્યાર પછી સુરવંશના બળવંત અફઘાન સરદારે બંગાળાનો કબજો લીધો, તેને શિક્ષા કરવા હુમાયું ગયો.

* આલાહબાદની વાવ્યમાં છે. † માળવામાં જમના નદીની બેત્વા નામની શાખા ઉપર છે.

તેણે ચુનાર અને ગૌર લીધાં; પણ તેની અને શેરખાન વચ્ચે બક્સાર (૧૫૩૯) અને કનોજ (૧૫૪૦) આગળ બે લડાઇઓ થઇ જેમાં તે હાર્યો અને શેરખાન દિલ્લીનો પાદશાહ થયો. હુમાયું લાહોર તરફ પોતાના ભાઇ કામરાન આગળ ગયો જ્યાંથી સિંધનાં રનને માર્ગે અમરકોટ ગયો જ્યાં તેની સાથે ગયલી તેની રાણીએ અકબરને જન્મ આપ્યો. ત્યાં પણ દુશમનો તેની પુઠે આવ્યા એટલે હુમાયુ ઇરાન તરફ નાસી ગયો.

શેરખાને (શેરશાહે) સારી રીતે અને ડહાપણથી રાજ ચલાવ્યું. તેણે રાજ્યકારભારમાં ઘણાક સુધારા દાખલ કર્યા, અને હિંદુસ્તાનની પશ્ચિમમાં સિંધુ નદીથી તે પૂર્વમાં બંગાળા સુધી ૧૯૦૦ માઇલ લાંબી એક સડક બંધાવી તેની એક બાજુએ ઝાડો રોપાવ્યાં તથા કુવાઓ ખોદાવ્યા. વળી ટપાળ લાવ લઇ જવાને તેણે ઇરાની ચપર આ દેશમાં દાખલ કર્યા. તેણે માળવા માંહેલા રાઇસીન કિલ્લા ઉપર ઘેરો નાખ્યો ત્યારે તે કિલ્લાનો બચાવ કરનારાઓને એવું અભય વચન દીધું કે તેઓ તેને તાબે થાય તો તે તેમનો જીવ બચાવશે. તેનાં આ વચન ઉપર ભરોસો રાખી તેઓ કિલ્લામાંથી બહાર નિકળી તેને તાબે થવા આવ્યા એટલે તેણે વચનથી ફરી તેમને મારી નાખવાનો હુકમ આપ્યો.

શીરશાહના વંશો નબળા અને દુરાચરણી હતા. તેના વંશના છેલ્લા પાદશાહ સીકંદરને હુમાયુએ હરાવી પોતાનું તખ્ત પાછું મેળવ્યું, ૧૫૫૬; પણ પાછો ગાદીએ આવ્યા પછી થોડું કરી તે મરણ પામ્યો અને તેનો દિકરો અકબર ગાદીએ આવ્યો.

અકબર, ૧૫૫૬-૧૬૦૫.

અકબર જ્યારે ગાદીએ આવ્યો ત્યારે તે માત્ર ૧૪ વરશની કાચી ઉમરનો હતો. સીકંદર સુરના હેમુએ તેની ગાદી મેળવવાની કોશીસ કરી, પણ અકબરના સરદાર બેહેરામખાને તેને પાનીપટની (બીજી) લડાઈમાં હરાવ્યો, ઈ. સ. ૧૫૫૬. બેહેરામે અકબરની વતી ચાર વરશ રાજ ચલાવ્યું. જ્યારે અકબરે રાજ્ય ચલાવવાનુ પોતાના હાથ લીધું ત્યારે બેહેરામે તેની સામે બંડ ઉઠાવ્યું. અકબરે તેને હરાવ્યો અને પોતાને તેણે પાળ્યો હતો એવું યાદ કરી તેને માફ કરી ઉદારતાથી સારૂં સાલિયાણુયું બાંધી આપ્યું. આ ઉદારતાથી બેહેરામ લજવાયો અને મક્કા તરફ ગયો જ્યારે વાટમાં તેને એક અફઘાને પોતાના બાપનાં વેરમાં મારી નાખ્યો.

અકબરે ઇ. સ. ૧૫૬૭ માં ચીતોર, જોધપુર, અને જયપુર તાબે કરયાં. ચીતોરનો રાણા ઉદેસીગ આરાવલી ડુંગર તરફ નાસી ગયો જ્યાં તેણે ઉદેપુર વસાવ્યુ. આ પછી અકબરે ગુજરાત (૧૫૭૩), બંગાળા અને બેહાર ૧૫૭૬, કાશમીર, (૧૫૮૬), અને ઓરીસા, સિંધ ૧૫૯૨, જીત્યાં.

ઈ. સ. ૧૫૯૫ માં અકબરે પોતાના છોકરા મુરાદ તથા વઝીર બેરામખાનના દિકરા મીરઝાખાનને લશકર આપી અહમદનગર મોકલ્યા. ત્યાં બીજાપુરના રાજાની વહુ ચાંદબીબી નામની એક હિંમતવાન અને લડાયક સ્ત્રી ત્યાંના નાના રાજાની વતી રાજ ચલાવતી હતી. અકબરનાં લશકરનાં આવી પોહોંચવાની ખબર મળતાંજ તેણી પોતાનાં લશકર સાથ તેની સાંમે થઇ. દુશમનોએ અહમદનગરઉપર ઘેરો નાખ્યો અને કિલ્લાની દિવાળમાં ગાબરૂં પાડયું તે જોઇ ચાંદબીબી ઘોડાઉપર સ્વાર થઇ તથા હાથમાં નાગી તરવાર પકડી આખી રાત તેમના સાથ લડી અને તેમને અહમદનગર ઉપર નાખેલો ઘેરો ઉઠાવી પાછા જવાની ફરજ પાડી. ઈ. સ. ૧૫૯૮ માં ચાંદબીબીને તેના સિપાઇઓએ દગાથી મારી નાખી એટલે અહમદનગર જીતી લેવામાં અકબર ફતેહ પામ્યો.

મોગળ પાદશાહોમાં અકબર સર્વથી મોટો અને સારો પાદશાહ હતો. તે મળતાવડા સ્વભાવનો અને લડાઇનાં કામમ તથા રાજ્ય કારભારમાં ઘણો પ્રવિણ હતો. તેની રાજ્યનીતિ દુરંદેશ અને ડહાપણવાળી હતી. તેણે હિંદુઓને મોટામોટા સરકારી હોદ્દાઓ આપ્યા, અને તેમ કરીને તેમનાં કુમક અને પ્યાર મેળવ્યાં. પોતાના વિદ્વાન વઝીર અબુલ ફાઝલની સમજાવથી તેણે પોતાની રૈયતને ગમે તે ધરમ પાળવાની છુટ મુકી, અને આગળના રાજાઓ પોતાની જે રૈયત મુસલમાની ધરમ નહીં પાળે

તેમના ઉપર જઝીયા વેરો નાખતા હતા તે વેરો લેવાનું અકબરે બંધ પાડ્યું. વળી તેણે બીજા કેટલાક અપટીટ કરો કાઢી નાખ્યા, અને હિંદુઓમાં સતી તથા બાળલગ્નની રૂઢીનો અટકાવ કર્યો. તોડરમલ નામના તેના મોટા ખજાનચીની સલ્લાહથી તેણે જમીનની વરગણી [illegible]ના ધોરણ ઉપર કરી, અને ખેડુતને નક્કી કરી આપ્યું કે તેઓએ પોતાની જમીનની ઉત્પનીના ત્રીજા હિસ્સાની કીંમત જેટલું દેણું સરકારમાં ભરવું. અકબર મિલનસાર, મિતાહારી, ખુબસુરત, અને ઉંચાં કદનો હતો. તે ઇ. સ. ૧૬૦૫ માં મરણ પામ્યો.

અકબર પછી તેનો દિકરો સલીમ જેહાંગીરનું નામ ધારણ કરી ગાદીએ બેઠો. તે પોતાના બાપના જેવો હુશિયાર ન હતો તેથી તેના બાપે [illegible] રાજ્યો તેના હાથમાંથી જતાં રહ્યાં. નુરજાહાં નામની એક ખુબસુરત સ્ત્રી સાથ તે પરણ્યો હતો.

નુરજાહાં (દુન્યાની રોશની) ઇરાનના એક અમીરી ખાનદાનને લગતી હતી. તેનું કુટુંબ ગરીબ હાલતમાં આવી ગયાથી તેણીનો બાપ હિંદુસ્તાન તરફ આવ્યો. રસ્તામાં કંદહાર આગળ તેણીનો જન્મ થયો હતો. તેણીનો બાપ એટલી બતંગ હાલતે પુગો હતો કે લાચારીએ તે બાળકને રસ્તે નાખી જતો રહ્યો. દૈવયોગે એક

વેપારીનું ત્યાં આવવું થયું જેણે તેણીને ઉપાડીને પોતાનાં બાળક તરીકે રાખ્યું. આ વેપારીની મેહેનતથી નુરજહાંનું કુટુંબ ચહતી પંક્તિએ પોહોંચ્યું. તેણી પોતાની માસાથ અકબરનાં જનાનખાનામાં આવજા કરતી હતી જ્યારે શાહજાદા સલીમે (જેહાંગીર) તેણીને એક વખત જોઇ. તેણે તેણીની સાથ પરણવાનો વિચાર કરયો; પણ અકબરને તે વાત ઠીક ન લાગાથી તેણે તેણીને બર્દવાનના હાકેમસાથ પરણવાની સલ્લાહ આપી; પણ જ્યારે જેહાંગીર શેહેનશાહ થયો ત્યારે તેણે તેણીના વરને મારી નખાવી તેણી સાથ પોતે પરણ્યો. પ્રથમ તેણીએ તેની માંગણી તુચ્છકારી કાઢી હતી પણ પાછળથી તેણી જેહાંગીરની મરજીને શરણ થઇ.

ઇ. સ. ૧૬૧૫ માં ઈંગ્લંડના મોકલેલા જેમ્સ રાજા તરફથી સર તોમસ રે નામનો એક એલચી તરીકે સલીમની દરબારમાં આવ્યો હતો. જેહાંગીર ઇ. સ. ૧૬૨૭ માં મરણ પામ્યો. એજ વરશમાં મરાઠા રાજ્યનો સ્થાપનાર શિવાજી જન્મયો હતો.

મેવાર(ઉદેપુર)ના રાણા સ[illegible]ની લડાઈનું સેનાપતિ શાહજાહાંએ ફતેહમંદીસાથ આણ્યું હતું. ૧૬૧૨-૧૪. તે રાણા તેને શરણ થયો તેથી તેના તરફ મેહેરબાની દેખાડી તેનું રાજ તેને પાછું આપ્યું, અને તેના દિકરાને પોતાનાં રાજનો એક લશકરી સરદાર કીધો.

સર તોમસ રો અને બીજા તે વખતના યુરોપીયન મુસાફરો કહે છે કે જેહાંગીરના વખતમાં દખણનાં શેહેરો બીસ્માર હાલતમાં હતાં; પણ તેની દરબારનો ભપકો જોનારને છક કરે એવો હતો. જેહાંગીર સારી લાગણીનો અને સારી સમજનો શેહેનશાહ હતો. દરબારમાં લાંચ રૂસવત બહુ ચાલતી હતી. શાહજેહાન પોતાના તુંદ સ્વભાવને લીધે ઘણો અલોકીક હતો.

ઇ. સ. ૧૬૨૧ માં ઇરાનીઓએ કંદહાર લીધું તે પાછું મેળવવાને જેહાંગીરે શાહજાહાંને ફરમાવ્યું; પણ તે સમજી ગયો હતો કે તેના બાપે તેને દુર કરવાના હેતુથી તેને આ કામ સોંપ્યું હતું માટે તેણે જવાને ના પાડી; તેથી જેહાંગીરે તેના હાથ હેઠળનુ લશકર અને જાગીરીઓ લઇ મુકી અને તે સઘળું શેહેરીયારને આપ્યુ. શાહજાહાંએ આગ્રા તરફ કુચ કીધી પણ લડાઇનુ સેવટ અચોક્કસ આવ્યું. ત્યાર પછી તેણે બંગાળે જઇ ને તથા બેહાર લીધાં. પરવીઝ અને મોહબતખાન તેની પુઠે બંગાળે ગયા અને તેને હરાવ્યો એટલે તે દખણ તરફ નાશી ગયો, અને મલીકઅંબર સાથ જોડાઇ ગયો; પણ તેનું લશકર તેને છોડી ગયું એટલે તે શેહેનશાહને શરણ થયો.

જેહાંગીરની પછી તેનો ત્રીજો દિકરો શાહજાહાં ગાદીએ આવ્યો. તે આગળ એક બહાદુર સિપાહ તરીકે દખણમાં જાણીતો થયો હતો. તેણે ગોવલકંદા અને બીજાપુરને તાબેદાર ખંડીઆં રાજ્ય કર્યાં. તેણે દિલ્લી શેહેરમાં ઘણીક ભપકાદાર ઇમારત બંધાવીને તે ઘણું સુધારી નાખ્યું, અને ત્યાં પોતાની રાજધાની કરી. તેને ચાર દિકરા હતા—દારા, શુજા, મોરાદ, અને ઔરંગઝેબ. તે સર્વમાં ઔરંગઝેબ ઘણો લોભી, બાહોશ, અને લુચ્ચો હતો. દારા ભોલો અને ઉદાર, પણ મગરૂબ હતો; શુજા વ્યસની હતો; અને મોરાદ મૂર્ખ તથા સ્વચ્છંદી હતો.

શાહજાહાં ઇ. સ. ૧૬૨૭-૫૮

ઇ. સ. ૧૬૫૭ માં શાહજાહાં માંદો પડયો ત્યારે તે ખબર દારાએ છુપાવી રાખી; તોપણ બંગાળાના સુબા, શાહઝાદા મોરાદે શાહી ખેતાબ ધારણ કીધો, અને રાજધાની તરફ કુચ કરવા માંડી. ઔરંગઝેબે પક્કાઇથી પોતાના પ્રાંતની ઉત્તર સરહદ તરફ જઇને લશકરના સરદાર મીર જુમલાને પોતાની તરફેનમાં લીધો અને મોરાદ સાથ કોલકરાર કીધા. તેને તે નબળા શાહઝાદાને સમજાવ્યું કે "મારે તો મક્કા તરફ હેજ કરવા જવું છે, તો પણ નાપાક દારા તથા મૂર્તિપૂજક જેસવંત સરદારની સાંમે થવા તારી

ભાઇઓ વચ્ચે ઝગડો, ૧૬૫૭.

સાથ જોડાઉ છું; અને તેમ કરયા પછી આપણા બાપ શાહજહાં સાથ તને સમજુતી કરાવી આપીશ."

દારાએ શુજાને બનારસ આગળ હરાવ્યો, અને તેને બંગ-ળા તરફ પાછો ફરવાની ફરજ પાડી, ૧૬૫૭.

ઔરંગઝેબ માળવામાં મોરાદને જઇ મળ્યો અને તેમનાં ભેગાં લશકરે જેસવંત તથા દારાને ઉજેનની લડાઈમાં હરાવ્યા ૧૬૫૮.

દારા હવે લશકર લઇ ઔરંગઝેબની સામો થયો, પણ આગ્રાની લડાઇમાં તે હારયો, ઈ. સ. ૧૬૫૮. આ લડાઇમાં મુરાદ ઘાએલ થયો હતો, તે બહાને ઔરંગઝેબે રાજની લગામ પોતાના હાથમાં લીધી, અને પોતાના બાપ શાહજહાંને આગ્રામા નજર કેદ કર્યો. શાહાજહાં ૬ વરશ બંદીખાનું ભોગવી ઇ. સ. ૧૬૬૬ માં મરણ પામ્યો.

શાહજહાં શાહઝાદો હતા ત્યારે બંડખોર અને કાવતરાંબાજ હતો પણ પાદશાહ તરીકે તે ઘણો સારો, દયાળુ તથા ઉદાર હતો. સર્વ મોગળાઇ પાદશાહોમાં તેનું રાજ ઘણુંજ આબાદ નિવડયું હતું. તેણે અકબરના જેવીજ જમાબંદીની રીત દખણમાં દાખળ કરી હતી; અને પોતાનામાટે હીરા, મોતી, તથા માણેકથી મઢેલું મોરના આકારનું એક તખ્ત કરાવ્યુ હતું; જેઉપર

તેણે ૬।। કરોડ રૂપિયા ખરચ્યા હતા. વળી પોતાની બેગમ મુમતાજ મહાલની યાદગારી સારૂં ૭૫ લાખ રૂપિયા ખરચી આગ્રામાં તાજ મહાલ નામની એક સુંદર ઇમારત બંધાવી. દિલ્લી અને આગ્રામાં તેણે બંધાવેલી મોટી મોટી ઇમારતો આજે પણ નવાઇઓમાં ગણાયછે. એ સર્વ સાથ તેની દરબારના દમામને લીધે તેને સઘળા હિંદી શેહેનશાહોમાં સર્વથી મોટા દબદબાવાળો ગણેલો છે. તેના વખતમાં હિંદુસ્તાનની હાલત ઘણી સુખાકારી ભરેલી અને આબાદ હતી.

ઓરંગઝેબ, ઇ. સ. ૧૬૫૮—૧૭૦૭.

શુજા અને તેનું કુટુંબ ૧૬૬૦ માં આરાકાનમાં મરણ પામ્યાં. દારાને ૧૬૫૯ માં અને મોરાદને નજીવાં બહાનાં ઉપર ૧૬૬૧ માં ઓરંગઝેબે મારી નખાવ્યા. દારાનો દિકરો સુલેમાન ગ્વાલીયરનાં કેદખાનામાં મરણ પામ્યો.

એ રીતે સંખ્યાબંધ ખુનોમાં હાથ ખરડી ઓરંગઝેબ ગાદીએ આવ્યો. તેની મુખ્ય નેમ એ હતી કે હિંદુસ્તાનના દરેક ભાગમાં તેનો પોતાનો ધરમ ફેલાવવો. જે રજપુતો ઉપર અકબરે મેહેરબાની કરી હતી તેમના વંશોને ઓરંગઝેબે હાંકી કાઢયા. તેણે હિંદુઓનાં દેહરાં અપવિત્ર કરી તેમને મસીદમાં

બદલી નાખ્યાં અને જઝીઆ વેરો જે અકબરે કાઢી નાખ્યો હતો તે તેણે હિંદુઓ ઉપર પાછો નાખ્યો.

ઔરંગઝેબે દખણું તરફ સ્વારી કરી બીજાપૂર (૧૬૮૬) અને ગોવલકંદા (૧૬૮૭) નાં રાજ્યોનો પરાભવ કરયો; કરનાટક અને ટેલીનગાના ઉપર હુમલા કીધા (૧૬૮૮). મોગળ રાજ હવે પોતાની અતિ ઉંચાઈએ પોહોંચ્યા પછી જલદીથી પડતુ ચાલ્યુ.

મરાઠાઓ પ્રથમ શિવાજી અને તેના પછી તેના પુત્ર સંભાજીના હાથ હેઠળ ઘણા બળવાન નિવડયા હતા. તેઓએ આરંગઝેબને બહુ ખુમ પડાવી. તેમના સાંમે આરંગઝેબે મુઅઝઝમની સરદારી તળે એક લશકર મોકલ્યું; પણ મરાઠાઓનું બળ સેહલાઇથી તુટે એવું ન હતું. પાછળથી તે સંભાજીને મારી નાખવામાં તથા તેના દિકરા સાહુને કેદ પકડવામાં ફતેહમંદ થયો, છતાં મરાઠાઓનું જોર વધ્યું જતું હતું.

ઔરંગઝેબ ઈ. સ. ૧૭૦૭ માં મરણ પામ્યો. તેની રાજ્યનીતિ અકબરથી ઊલટી હતી. અકબરે સઘળા અધટીત વેરા કાઢી નાખ્યા, ધર્મનું એકસરખાપણું જાળવ્યું, હિંદુઓની પ્રીતી મેળવી મોગળો સાથ તેમનો ઓખલાસ વધાર્યો અને એ રવેશે તેણે પોતાનું રાજ ઘણું મજબુત કરયુ.

ઔરંગઝેબે જઝીઆવેરો પાછો ચાલુ કર્યો, રજપુતો ઉપર જુલમ ગુજારયો, હિંદુઓનાં દેહેરાંનો નાસ કરી સઘળા હિંદુઓને પોતાના દુશમન કર્યા, અને એ રીતે મોગળ રાજ્યને નબળું કરયું તથા તેનાં પડી ભાગવા માટે રસ્તો ખુલ્લો કરી મુકયો.

સઘળા મોગળ પાદશાહોમાં, અકબર પછી ઔરંગઝેબ મોટે, થઇ ગયો છે.

મોગળ શેહેનશાહતનું પડી ભાગવું.

૧૭૦૭—૧૮૬૨

શાહાજાહાંનાં મોર આકૃતિવાળાં તખ્ત ઉપર બેસનાર છેલ્લો પાદશાહ મહમદશાહ હતો (૧૭૧૯–૧૭૪૮). એના વખતમાં મરાઠાઓ ઘણા બળવાન થયા હતા. તેઓ દિલ્લી ઉપર હુમલો કરતા અને મહમદશાહ તેમને પોતાના રાજની ચોથઇ એટલે મેહેસુલનો ચોથો ભાગ આપી દિલ્લીથી દુર રાખતો. ઇ. સ. ૧૭૩૯ માં ઇરાનના નાદીરશાહે હિંદુસ્તાન ઉપર હુમલો કર્યો. તે મોગળ લશકરને હરાવીને દિલ્લીમાં દાખલ થયો, ત્યાં તેણે હજારો માણુસોને કાપી નાખ્યાં, અને દિલ્લી શેહેરને લુટી લઇ ઇરાન પાછો ગયો સર્વ લુટમાં શાહાજાહાંનું મોરું આકૃતીવાળું કિંમતી તખ્ત પણ હતું.

મહમદશાહ પછીના નબળા પાદશાહોના અમલમાં અહમદશાહ અબદાલી નામના કંદહારના અફઘાન સરદારે હિંદુસ્તાન ઉપર ૬ વેળા સ્વારી કરી. પેહેલી સ્વારીમાં સરહિન્દની લડાઇમાં તેની હાર થઈ, ઈ. સ, ૧૭૪૭; પણ ઈ. સ. ૧૭૬૧ માં પાનીપતની ત્રીજી લડાઇમાં તેણે મરાઠા અને જાટ લોકોને હરાવ્યા અને તેમનું જોર તદન તોડી નાખ્યું. મહમદશાહ પછી ત્રીજો પાદશાહ, બીજો શાહ આલમ ઇંગ્રેજ લોકોનો પેનશનદાર થઈ બેઠો પગાર ખાનાર થયો. તેનો પૌત્ર બહાદુરશાહ ઈ. સ. ૧૮૫૭ ના બળવામાં ભાગ લેતાં પકડાયો માટે તેને ઇંગ્રેજોએ રંગુનમાં દેશવટો દીધો જ્યાં તે ઈ. સ. ૧૮૬૨ માં મરણ પામ્યો.

મોગળ શેહેનશાહત પડી ભાગવાનાં કારણો.

૧. ઔરંગજેબની રાજ્યનું નબળાવનારી રાજનિતિ, રજપુતોની કતલ, અને તેથી તેમનું જુદું પડવું. ૨ ઔરંગજેબે ચલાવેલી ખરચાળ લડાઇઓ, અને તેથી તેની તીજોરીનું ખાલી થવું. ૩. મરાઠા અને શીખ લોકોનો ઉદય. ૪. ઔરંગ

અંગ્રેજ પ્રજાના પાદશાહોની સામાન્ય નબળાઈ. ૫. નાદીરશાહની સ્વારી. ૬. યુરોપ્યનોનું આવવું.

પ્રશ્નો.

૧. [illegible] હિંદુસ્તાન ઉપર કેટલી સ્વારી કરી

૨. મોગલ શાહનશાહતનો સ્થાપનાર કોણ હતો? ૩. તેણે કયા રાજાને હરાવી એ રાજ લીધું? આ સબબોને લીધે તેને જલદી તેહ મળી? ૪. કયા લડાઈથી હિંદુસ્તાનનું રાજ મોગલ લોકોના હાથમાં આવ્યું અને કઈ લડાઈથી તેઓની સત્તાના કાયમ થઈ, ૫. એ બંને લડાઈ કોણ વચ્ચે અને ક્યારે થઈ. ૫. બાબરના જીંદગી અને ચાલચલગતનું ટુંક વર્ણન આપો. ૬. મોગલ વંશના બે અતિ પ્રખ્યાત શાહનશાહોનો વૃત્તાંત આપો, તથા તેમના ખાસ ગુણો વિષે ટુંકી નોંધ લખો. ૭. હુમાયુનાં રાજનું ટુંક વર્ણન કરો. ૮. શેરશાહે લોકોના ફાયદા માટે જે કામો કર્યાં તે કહી જાઓ. ૯. તેનાં કયાં કામથી તેની આબરૂને ડાઘ લાગ્યો છે? ૧૦. અકબરની (૧) રાજ્ય નીતિ, (૨) તેના મહેસુલ સુધારા (૩) વડા વઝીર, (૪) રાજ પ્રતિનિધિને લગતી ટુંકી ટુંકી નોંધ આપો. ૧૧. અકબરના વખતમાં જે ત્રણ પ્રખ્યાત રજપુત રાજાઓ હતાં તેમનાં નામ દો. ૧૨. [illegible]

આવ્યો ત્યારે ચિતોડ, જોધપુર, બંગાળા, અને અહમદનગરમ કોણ રાજ કરતા હતા. ૧૩. એ રાજ્યો અકબરે ક્યારે લીધાં ? ૧૪. પેહેલાંની ફોજનું એક ટુંક વર્ણન આપો. ૧૫ અકબરની જમાબંદીની શી રીત હતી ? ૧૫ જેહાંગીરના સંબંધમાં બનેલ મુખ્ય બનાવો કહી જાઓ. ૧૬. હિંદુસ્તાનના ઇતિહાસ સાથ હેઠળ જણાવેલા શખસો કેવી રીતે જોડાયલા છેઃ-નુરજાહાં, મલીક અમબર, મહબતખાન, સર તોમસ રો અને ઉદેસીંગ. ૧૭ શાહજાહાંનાં રાજ્યનું એક ટુંક બ્યાન આપો. ૧૮. શાહાજાહ નાં રાજને મોગળવંશનો સોનેરી જમાનો કહેલો છે તે શા ઉપરથી ? ૧૯. શાહજાહાંના દિકરાઓનાં નામ તથા તેમના ખાસ ગુણ કહો. ૨૦. તાજમહાલ અને મોર આકૃતીવાળાં તખ્ત વિશે શું જાણો છો ? ૨૧ ઔરંગઝેબનાં રાજ્ય પેહેલાં દિલ્લી ઘણી વેળા જીતી લેવામાં આવ્યું હતું. કોણ કોણે તે જીત્યું હતું ? ૨૨ અને ક્યારે ? ૨૩. ઔરંગઝેબે તખ્ત મેળવવાને વાસ્તે કયા ઉપાયો કામે લગાડયા હતા ? ૨૪. દખણમાં ક્યાં રાજ્યો તેણે જીતી લીધાં. ૨૫. ઔરંગઝેબનાં રાજ્યનું વર્ણન ટુંકમાં આપો. ૨૬ તેનું રાજ્ય જેટલું મોટું હતું, તેટલું શરૂઆતની માફક સેવટે પણ

મજબુત હતું કે ? ૨૭. જો મજબુત ન હોય તો તેનાં શાં કારણ હતાં ? ૨૮. ઓરંગઝેબની રાજ્ય નીતિથી મોગળ શેહેનશાહતના ભવિષ્યના ઇતિહાસ ઉપર કેવી અસર થઇ ? ૨૯. ઓરંગઝેબનાં કયાં કામથી મોગળ શેહેનશાહતનું પડી ભાગવું થયું ? ૩૦. મોગળ વંશના કયા શેહેનશાહની રાજ્યનીતિ તેનાથી જુદી હતી અને તેના પરિણામ કેવા નિપજ્યા હતા ? ૩૧. અકબર અને ઓરંગઝેબની રાજનીતિ અને વર્તણુકનો મુકાબલો કરો અને દેખાડો કે પેહેલાથી રાજ્યને મજબુતી મળી ત્યારે છેલ્લાથી તેનું પડી ભાગવું થયું. ૩૨. ઓરંગઝેબે પોતાનાં રાજ્યનું નખોદ વાળ્યા સરખી રાજ્યનીતિ વાપરી હતી તે શા ઉપરથી તમે કહેશો. ૩૩. મોગળ રાજ્ય પોતાની અતિ મોટી ઉંચાઇએ કયારે પોહોંચ્યું હતું ? ૩૪. મોગળ શેહેનશાહાતનાં પડી ભાગવાનાં જુદા જુદા સંજોગો કહો. ૩૫. મોર આકૃતીવાળાં તખ્ત ઉપર કયો રાજા છેલ્લો બેઠો હતો. ૩૬. ઇરાનના નાદરશાહે હિંદુસ્તાન ઉપર સ્વારી કરી તે વિશે તમે શું જાણોછ ? ૩૭. અહમદશાહ અબ્દાલી કોણ હતો ? ૩૮. તેણે હિંદુસ્તાન ઉપર કેટલી વખત સ્વારી કરી હતી અને છેલ્લી સ્વારીનો પરિણામ શો ? ૩૯. મોગળ વંશનો છેલ્લો પાદશાહ કોણ હતો ? કયા બનાવસાથ તેનો સંબંધ હતો અને તેનું શું થયું ?

મરાઠાઓનો ઇતિહાસ.

૧. મહારાષ્ટ્રની સીમા—ઉત્તરે,- સુરત આગળથી પૂર્વ તરફ જતાં સાતપૂડા પર્વત અને ત્યાંથી આગળ થઈને નાગપોરની પૂર્વે વેનગંગા નદી સુધી: પૂર્વે,-વેનગંગા અને વરદા નદીઓ તથા તેની દક્ષિણે મણીકદુગ સુધી: દક્ષિણે,-[illegible]ના આગળથી મહુર અને ત્યાંથી ગોઆ સુધી; પશ્ચિમે,-આરબી સમુદ્ર.

શિવાજી ૧૬૨૭–૮૦

શિવાજી મરાઠા રાજ્યનો સ્થાપનાર હતો. તેનો બાપ બીરારના ભોંસલે કુટુંબનો હતો. તેણે પ્રથમ અહમદનગરના રાજ્યમાં તેમજ પાછળથી બિજાપુર દરબારમાં ત્યાંના નાના રાજાની બદલી રાજકારભાર ચલાવ્યો હતો. શિવાજી સોનેરીના કિલ્લામાં ઈ સ. ૧૬૨૭ માં જનમ્યો હતો. તેને પુનામાં દાદાજી કોન્ડદેવનાં રક્ષણ હેઠળ રાખ્યો હતો જ્યાં તેણે લશકરી તાલીમ લીધી હતી ઈ. સ ૧૬૪૬માં તેણે તોરનીઆનો કિલ્લો લીધો, અને ત્યાં જે ખજાનો હાથ લાગ્યો તેવડે તેણે હથિયાર, દારૂગોળો તથા બીજો લશકરી સરંજામ ખરીદ કર્યો,

તથા રાયગઢનો કિલ્લો બાંધ્યો. એ પછી ઘણાક કિલ્લા તેણે એકેક પછી જીત્યા અને છેવટે કલ્યાણ લઇ ત્યાંના હાકમને કેદ કર્યો. એ પ્રમાણે મરાઠાઓનો જોર વધતો ચાલ્યો, જ્યારે બીજાપુરના રાજાએ તે અટકાવવાને કાંઈ કરવું નહી જેથી તે હવે પસ્તાવા લાગ્યો. તેણે શિવાજીની વર્તણુક માટે શાહજીને પકડયો, પણ શિવાજીએ મોગળ પાદશાહ શાહાજહાંની મદદ મેળવી, અને પોતાના બાપને છોડાવ્યો. એ પછી તરતજ મરાઠા રાજ્યનું મથક પરતાબગઢ લેવાને બીજાપુરના રાજાએ અફઝુલખાનની સરદારી હેઠળ એક મોટું લશકર મોકલ્યું. શીવાજીએ દગાથી અફઝુલખાનને મારી નાખ્યો, અને ત્યાર પછી એક મોટાં લશકરસાથ તેણે તથા તેના વજીર મોરારપંટે મોગળ રાજ્ય ઉપર હુમલા કર્યા. તેની સામે લડવાને ઔરંગઝેબે શાહસ્તાખાનને મોકલ્યો. શાહસ્તાખાને પુના લીધું; પણ શિવાજી વેશ બદલી પુને ગયો અને શાહસ્તાખાનને ત્યાંથી હાંકી કાઢયો. એ પછી શીવાજીએ સુરતમાં લુટ ચલાવી અને રાજાનો ઈલકાબ લીધો. એક કાફલો બાંધી તેણે હવે મક્કે જતા મુસલમાન લોકોને લુટવા માંડયા અને તેમની કનેથી પૈસાની મોટી રકમ જપ્ત કર્યા. ઔરંગઝેબે મૂર્ખાઇથી મરાઠાઓને તુચ્છ ગણ્યા હતા તથા તેમનો દોર વધવા દીધો જેથી તે આકેબત

એટલોતો વધી પડયો કે તેનાથી તે તોડી શકાયો નહી. હવે તેણે શિવાજી વિરૂધ જયસીંગ અને દલેરખાનની સરદારી હેઠળ એક મોટું લશકર મોકલ્યું, જેથી શિવાજીને પુરન્ધર આગળ કોલકરાર કરવાની ફરજ પડી. આ કરારરૂહે તેણે જે મોગલ રાજય લઇ લીધાં હતાં તે મોગળ પાદશાહને પાછાં આપ્યાં. પણ તેના બદલામાં બીજાપુરનાં રાજયની ચોથઇ યાને સિરદેપમુખી મળી.

શિવાજી હવે જયસીંગસાથ મળી જઇ બીજાપુર ઉપર હુમલો લઇ ગયો. ઇ. સ. ૧૬૬૬માં ઓરંગઝેબે શીવાજીને પોતાની દરબારમા બોલાવ્યો. શિવાજી ગયો પણ પોતાને કેદ પકડાયલો દીઠો. તોપણ જયસીંગના દિકરાની મદદથી તે નાહાસીજવા પામ્યો. ઇ. સ. ૧૬૭૬ માં પોતાના ભાઇ વેંકાજી કનેથી બાપીકી મિલકતનો પોતાનો હિસ્સો મેળવવાની મતલબથી તેણે કરનાટક ઉપર હુમલો કર્યો. તે ઇ. સ. ૧૬૮૦ માં મરણ પામ્યો.

તેના પછી તેનો દિકરો સંભાજી ગાદીએ આવ્યો. તે બહાદુર પણ વ્યસનનો ગુલામ હતો, અને તેના અમલમાં મરાઠા રાજયમાં કાંઇ વધારો થયો નહી. સંગમેશ્વર આગળ તેના ઉપર ઓચિંતો

મુકરબખાન ઔરંગઝેબે તેને પકડયો અને તેને નિર્દય રીતે મારી નાખ્યો, તથા તેના દિકરા સાહુને કેદ કર્યો.

સંભાજી પછી તેનો દિકરો સાહુ રાજા થયો અને તેના નામમાં તેનો કાકો રાજારામ રાજ ચલાવવા લાગ્યો. તે પોતાની રાજધાની પ્રથમ જીન્જીમાં અને પાછળથી સતારામાં લઇ ગયો. તેનાં મરણ ઉપર તેની વિધ્વા તારાબાઇ પોતાના દિકરા શિવાજીના નામમાં રાજ ચલાવવા લાગી. ઈ. સ. ૧૭૦૮માં સાહુને છુટો મુકવામાં આવ્યો. તે સતારા ગયો અને ગાદીએ બેઠો. સાહુ નબળો અને બાયલો હતો, અને તેના વખતમાં મરાઠા રાજયનો અંત આવ્યો હોત પણ બાલાજી વિશ્વનાથ જેવા તેના સામર્થ વજીરના સારા રાજયકારોબારને લીધે તેનો બચાવ થયો.

બાલાજી વિશ્વનાથ, ૧૭૧૪-૨૦, પહેલા પેશ્વા યા મુખ્ય વજીર તરીકે જણાયલો છે, કારણ તેજ પેશ્વા પહેલો હતો કે જેણે તે ઓદ્ધાને મરાઠા રાજયમાં સૌથી બુલંદ પંક્તિનો કર્યો. બાળાજી વિશ્વનાથે પ્રથમ મરાઠા રાજયના માંહોમાંહેના કજીયા દુર કર્યા, અને તેને ઘણુંજ વધારી મુક્યું.

બાજીરાવ, ૧૭૨૦–૪૦. બાજીરાવ બાળાજી વિશ્વનાથનો પુત્ર હતો. તે બીજો. અને સર્વથી મોટો પેશ્વા થઇ ગયો છે. તેણે રફતે રફતે સાહુના નબળા હાથમાંથી સઘળો રાજ્યાધિકાર લઇ લીધો. તે હંમેશાં મરાઠા સરદારોને સતારાથી ઘણે દુર લડાઇમાં તથા ચોથઇ મેળવવામાં રોકી રાખતો. આ રાજ્યનીતિથી તેઓ પેશ્વા તરફ બંધાયલા રહેતા તથા સરકાર વિરૂધ એકસંપ કરી શકયા ન હતા. તેના અમલમાં મરાઠા રાજ્યમાં ઘણો વધારો થયો હતો. તેમનુ જોર તોડવાને દિલ્હી દરબારે નિઝામ–ઉલ–મુલ્કને નેમ્યો; પણ બાજીરાવે તેને ભોપાળની લડાઇમાં હરાવ્યો અને સીરોન્જી આગળ કોલકરાર કરવાને ફરજ પાડી. આ કરારરૂહે આખો માળવા પ્રાંત તથા ચંબળ અને નર્મદા નદીઓ વચ્ચેના મુલકની હકુમત બાજીરાવને આપી દેવાને તથા તે ઉપર દિલ્હી દરબારની બહાલી મેળવી આપવાને, તેમજ પેશ્વાને લડાઇમાં થયલા ખરચ તરીકે ૫૦ લાખ રૂપ્યા અપાવવાને નિઝામ–ઉલ–મુલ્કે કબુલ કીધું. એ શરત મુજબ નિઝામ ચાલ્યો નહી. (૧૭૩૮).

બાળાજીબાજીરાવ, ૧૭૪૦–૬૧, બાળાજીરાવનો પુત્ર અને ત્રીજો પેશ્વા હતો. તેના અંમલમાં મરાઠાઓની સત્તા પોતાની

અત્યંત ઉંચાઈએ પુગી હતી તેમજ તે અતિશય કચડાઈને જમિનદોસ્ત પણ થઈ હતી. ઓડેસા, બુંદેલકંદ, લાહોર, માઈસોર અને કરનાટક ઉપર સ્વારી કરી, તેમના કનેથી ચોથાઈ એકઠી કરવામાં આવી હતી. ઉદગીરની લડાઈમાં મરાઠા સરદાર શીવદાસરાવે સલાબતજંગ અને નિઝામઅલ્લીને હરાવ્યા, ૧૭૬૦, અને તેમના કનેથી દઉલતાબાદ, આસીરગઢ, બીજાપુર, અહમદનગર, તથા અઉરંગાબાદનો એક મોટો ભાગ મેળવ્યો; પણ મરાઠાઓનું જોર અહમદશાહ અબદાલીએ કચડી નાખ્યું હતું. મરાઠાઓએ તેનું લાહોર શેહેર લઈ લીધું તે જાણી તે ઘણો ચિરડાઈ ગયો અને એક લશકર લઈ હિંદુસ્તાનમાં આવ્યો. હોલકર અને સિંધ્યા તેની સામે થયા; પણ તેણે તેમને હરાવ્યા. આઉદ યાને અયોધ્યાના સુબા શુજા-ઉદ-દવલાસાથ મલી જઈ તેણે મરાઠા, રજપુત, પીન્ડારી અને જાત લોકોનાં બેગાં લશકરના સરદાર શીવદાસરાવને પાનીપતની ત્રીજી લડાઈમાં હરાવ્યો, ૧૭૬૧.

માદુરાવ ચોથો પેશવા હતો, ૧૭૬૧-૨. તે બાલાજી બાજીરાવનો દિકરો હતો. તેનાં નામમાં તેના કાકા રઘુનાથે

(રાઘોબાએ) રાજ ચલાવ્યું. તેના વખતમાં મરાઠાઓએ હીન્દુસ્તાનમાં ખોયલું નામ પાછું મેળવ્યું હતું. માઇસોરના હૈદર અલ્લીને તેઓએ હરાવ્યાં અને તેને પોતાનાં રાજ્યનો મોટો ભાગ, તથા ત્રણ લાખ રૂપ્યા તેમને આપવાની ફરજ પાડી.

પહેલી મરાઠા લડાઈ

૧૭૭૫–૮૨.

માદુરાવનો ભાઇ નારાયણરાવ પાંચમો પેશ્વા હતો. ગાદી ઉપર આવ્યા પછી એકજ વરશમાં તેને કોઇએ મારી નાખ્યો. એવું કહે છે કે તેના કાકા રઘનાથરાવે તેને મારી નખાવીને તેની ગાદી લીધી. પણ થોડાક વખતમાં નારાયણરાવનો પુત્ર, માદુરાવ જે તેના મરણ પછી જન્મ્યો હતો. તે ગાદીએ આવ્યો. આ બીજો માદુરાવ નાનો હતો તેથી એક મંડળી તેના નામે રાજ ચલાવતી હતી. તે મંડળીનો વડો નાના ફર્નવીસ હતો. રઘનાથે મુંબઇની અંગ્રેજ સરકારની મદદ માંગી, અને લડાઇના ખરચના બદલામાં તે સર-

કારને છાસ્તી અને વસઇસાથ ભરૂચ પ્રાંત તથા તેની મેહેસુલ આપવા માંગી. મુંબઇ સરકારે તેના સાથે સુરતમાં કાલકરાર કર્યો, ઈ. સ. ૧૭૭૫, અને રઘનાથરાવને પાછી ગાદી મેળવવામાં મદદ કરવાને તૈયારી કરી. આ કોલકરાર ઉપર કલકતાના ગવરનર જનરલ દર–ઇજલ્લાસ કાઉનસીલના સાહેબે પોતાની મંજુરીયાત આપી નહી. તેણે પુણાની રાજકય મંડળીસાથ પુરંધરનું તહનામું (કરારનામું) કરયું, ૧૭૭૬, જેની રૂહે છાસ્તી (સાલસેત) ઈંગરેજોને મળ્યું, અને રઘનાથનું કામ પડતું નખાયું. ઈંગલંડ માહેલા કંપની સરકારના ડિરેકટરોએ પુરંધરનાં તહનામાંને નાપસંદ કરી સુરતનું તહનામું કબુલ રાખ્યું. નાના ફર્નવીસે પોતાની દરબારમાં એક ફ્રેંચને આવકાર દીધો. લડાઈ શરૂ થઇ.

રઘનાથને ગાદીએ પાછો લાવવાને કરનલ કાકબરનની સરદારી હેઠળ એક લશકર મુંબઇથી પુણા તરફ કુચ કરી ગયું, પણ તેને મરાઠાઓથી પાછું નાહાસી જવું પડયું, અને વર્ગાઉંના (તલેગાંઉના) કાલકરાર (૧૭૭૯) કરવા પડયા. તે કરાર રૂહે મરાઠાઓ તરફથી મળેલા સઘળા મુલકો તેમને પાછા આપ્યા;

ભરૂચ સિંધ્યાને આપ્યું; બંગાળાથી આવતાં લશકરને આગળ વધતું અટકાવવામાં આવ્યું; અને એ કોલકરારો બરાબર બજાવવાની જામીનગીરી દાખલ બે જનને મરાઠીઓને સ્વાધિન કર્યા.

ડિરેકટરોએ એ કોલકરાર સત્તાવર ન જણાવી રદ કર્યા અને લડાઇ પાછી ચાલુ થઇ. કરનલ ગોદારદ બંગાળાથી એક ઈંગ્રેજી લશકર લઈ સુરત આવી પોહોંચ્યો. તેણે અમદાવાદ લીધુ અને ઘણીક ફતેહ મેળવી. આ વખતે માઇસોરના પાદશાહ હાઈદર અલ્લીએ ઇંગ્રેજો વિરૂધ અને નિઝામસાથ પરસ્પર એકસંપ કરયો અને મદ્રાસ ઇલાકા ઉપર હુમલો કરયો. કેપ્ટન પોફામે લાહોર અને ગ્વાલિયર લીધાં, ૧૭૮૦. કરનલ કરનાકે સિંધ્યાને માલવામાં હરાવ્યો. એ પછી સાલ્બઇના કોલકરાર કરવામાં આવ્યા, ૧૭૮૨, જેની રૂહે એવું નક્કી થયું કે, (૧) પુરંધરના કોલકરારમાં જણાવ્યા મુજબ મુલકો નક્કી કરવા; (૨) રઘનાથરાવે ત્રણ લાખ રૂપ્યાનાં સાળીઆણું સાથ એકાંતવાસ લેવો; (૩) ભરૂચ પ્રાંત સિંધ્યાએ લેવો; (૪) પોરટુગીઝ શિવાય સઘળા યુરોપ્યનોને મ્હારાષ્ટ્રમાંથી હાંકી કાઢવા અને (૫) ઇંગ્રેજો તથા અરકાતના

નવાબ પાસેથી હાઇદરે તરતના લીધેલા મુલકો તેમને પાછા આપી દેવાની તેને ફરજ પાડવી.

પેશ્વાઇને લગતો કારભાર ચલાવવામાં નાના ફર્નવીસ પાછો મુખ્ય બન્યો. તેના અને નિઝામ અલીવચ્ચે વાંધો ઉઠયો, કારણ કે નિઝામે ઉદગીરની લડાઇ પછી થયલા કરાર મુજબ ચોથાઇ આપી નહી. હવે છેલ્લીજ વેળા મરાઠા સરદારો પેશ્વાના ઝુંડા હેઠળ એકઠા મળ્યા, અને કુર્દલા આગળ નિઝામને હરાવ્યો ૧૭૯૫. કુર્દલા અહમદનગરની અગ્નિકોણે ૫૦ માઇલ દુર છે.

બીજો બાજીરાવ, ૧૭૯૬–૧૮૧૮. માદુરાવ પછી રઘનાથરાવનો દિકરો, બીજો બાજીરાવ સાતમો અને છેલ્લો પેશવાથઇ ગયો. નાના ફરનવીસ ૧૮૦૦ માં મરણ પામ્યો. સને ૧૮૦૧ માં જેશવંતરાવ હોલકરે પુના આંગળ પેશ્વા અને દઉલતરાવ સિંધ્યાનાં ભેગાં મળેલાં લશકરને હરાવ્યું. બાજીરાવે ઇંગ્રેજ સરકારની મદદ માંગી અને તેમના સાથ વસઇનો કોલકરાર કર્યા, (૧૮૦૨), જેની રૂહે એવું ઠરાવવામાં આવ્યું કે (૧) પેશ્વાના મુલકમાં એક મદદનું

લશકર કાયમ રાખવું, અને તેના નિભાવ માટે પેશ્વાએ ઇંગ્રે-જોને ૨૬ લાખ રૂપ્યા આપવા, (૨) ઇંગ્રેજોના કોઇ પણ યુરોપીઅન દુશમનને પેશ્વાએ પોતાની દરબારમાં રાખવા નહી, (૩) પેશ્વાએ સુરત ઉપરનો પોતાનો દાવો ઉઠાવવો, અને નીઝામ તથા ગાયકવાડ ઉપરના પોતાના દાવા ઇંગ્રેજાની લવાદી ઉપર નાખવો, (૪) પેશ્વાએ ઇંગ્રેજોનો સાચો મદદગાર થવાને બંધાવું, અને તેમજ ઇંગ્રેજોએ તેનો તથા તેનાં રાજ્યનો બચાવ કરવાને કબુલ કરયું.

બીજી મરાઠા લડાઈ

૧૮૦૨—૩.

સિંધ્યા, બરારના રાઘુજી ભોંસલે, અને બીજા મરાઠા સરદારોએ વસઇના કોલકરાર કબુલ રાખવાને ના પાડી, કારણ કે તેથી તેમનો પુના માહેલો વગ તદન જતો રહયો; જેથી પરિણાંમ એ નિપજયો કે બીજી મરાઠા લડાઇ સરૂ થઇ અને હિંદ સર જમીન ઉપર ઇંગરેજી સલ્તનત થવા

ની સજત થઇ. ઈંગ્રેજી લશકરની સરદારી વેલેસ્લી, કરનલ સ્ટીવનશન, સ્તુઅર્ત, અને લેક લીધી. ઈ. સ. ૧૮૦૩માં વેલેસ્લીએ સિંધયા અને ભોંસલેના જોડાયલા લશકરને એસૈ આગળ હરાવ્યું. ત્યારૂ પછી તેણે બરારમાં કુચ કરીને ભોંસલેને અરગાંઉની લડાઇમાં હરાવ્યો, ૧૮૦૩, અને તેને દેવગાંઉના કોલકરાર કરવાની ફરજ પાડી. એ કરાર રૂહે રાજુજીએ (૧) ઇંગરેજ સરકારને કટક અને બાલાસોર, તથા નિઝામને બરાર આપ્યો, (૨) નિઝામ ઉપરના સઘળા દાવા છોડી દીધા; (૩) ઇંગરેજ સરકારની પરવાનગી વગર તેમના દુશમનને પોતાની દરબારમાં આવવા ન દેવાને અને (૪) નાગપોરમાં ઇંગરેજ સરકારનો એક અમલદાર (રેસીડંટ) રાખવાને કબુલ કીધું. લેક સરદારે સિંધ્યાનાં લશકરને લાસવારીની લડાઇમાં હરાવ્યું (૧૮૦૩), અને તેને સીરજી અન્જેન ગાંઉના કોલકરાર ઉપર સહી કરવાની ફરજ પાડી. એ કરારમાં સિંધયાએ એવું કબુલ કરયુ કે (૧) ગંગા અને જમના વચ્ચેનો મુલક તથા ભરૂચ પ્રાંત ઇંગરેજોને આપવો; (૨) અહમદ નગર પેશ્વાને તથા એક મોટો મુલક નિઝામને આપવો; (૩) કેટલાક નાના રાજાઓ જેઓ ઇગ્રેજોના મિત્રો હતાં તેમને સ્વતંત્ર ગણવા; (૪) ઇંગ્રેજોસાથ દુશમની ધરાવતી કોઈબી પ્રજાને

પોતાના મુલકમાં રાખવી નહી, અને (૫) પોતાની દરબારમાં એક ઈંગ્રેજ તરફનો અમલદાર રાખવો.

ત્રીજી મરાઠા લડાઇ

૧૮૦૪-૫.

બીજી મરાઠા લડાઇમાં ઈંગ્રેજોએ જે ઉપરાસાપરી ફતેહ મેળવી તથી સિંધ્યા પોતાનાં રાજયની આશા છોડી રજપુતાનામાં ચોથઇ મેળવવા ગયો. રજપુતો ઈંગ્રેજોના દોસ્ત હોવાથી પાછી લડાઇ ચાલુ થઇ. લેક, મરે, મોન્સન, ઑકટરલોની, અને ફરેઝરે જુદી જુદી ઇંગરેજ ફોજોની સરદારી લીધી. લેક સરદારે ટન્ક રામપુરાનો કિલ્લો લીધો અને તે કરનલ મોન્સનના અખ્તીઆરમાં રાખ્યો. કરનલ મોન્સન મોખનદ્રા મારગે હોલકરના રાજયમાં દાખલ થયો, પણ ભારે હાર ખાધા પછી આગ્રા તરફ પાછું હટવાની તેને ફરજ પડી. હોલકરે દિલ્લી ઉપર ઘેરો નાખ્યો, પણ તે શેહેર કરનલ આકટરલોનીએ બહાદુરીથી બચાવી રાખયું જેથી તેનું કાંઇ વલ્યું નહી. ઇ. સ. ૧૮૦૪ માં લેક સરદારે હોલકરને ફરક્કાબાદ આગળ હરાવ્યો. દીગ આગળ ફરેઝર સરદારે ભરત

પુરનો રાજા જે હોલકરની કુમકે આવ્યો હતો તેમ હરાવ્યો, અને પાછળથી દીગ ઇગ્રેજ રાજ્યમાં જોડી નાખયું. ઇ. સ. ૧૮૦૫ માં લેક સરદારે ભરતપુરના મજબુત કિલ્લા ઉપર ઘેરો ઘાલ્યો અને તેના રાજાએ ૨૦ લાખ રૂપ્યા આપી ઇંગરેજો સાથ સલ્લાહ કીધી.

આ વખતે ઇંગ્રેજ સરકારની રાજયનીતિમાં એક અજાયબ જેવો ફેરફાર બન્યો. ફતેહ મેળવીને રાજયો જોડી લેવાની તેમની રીત તેઓએ બદલી નાખી અને કોઇની વચ્ચે નહી પડવાની રીત અખ્તીયાર કીધી. એ ભુલભરેલી રીત મુજબ હોલકર અને સિંધયા સાથ તહ કીધી અને તેમની કનેથી છીટી લીધેલા મુલકો તેમને પાછા સ્વાધીન કર્યા.

ચોથી મરાઠા લડાઈ

૧૮૧૭–૧૮.

ઇ. સ. ૧૮૧૭ના સુમારે ત્રીમ્બકજી ડેંગ્લીયા નામનો એક જાસુસ પેશ્વાના દરબારમાં જાણીતો થયો. તેણે બાજીરાવ પેશ્વાને ઇંગ્રેજસરકારનો પરાભવ કરવાના હેતુથી હોલકર અને સિંધયા સાથ કારસ્થાન કર-

વાને લલચાવ્યો. આ વખતે ગાયકવાડનો વડો વજીર ગંગા
શાસ્ત્રી પેસ્વા અને ગાયકવાડ વચે અહમદનગરના કબજા માટે ઉઠે
વાંધાનો નિવેડો લાવવા પુને આવેલો હતો. તેને મારી નાખવ
ત્રીમ્બકજીએ પેસ્વાને ઉસ્કેરયો. એ વાતની પુનામાં રહેલા ઇંગ્રે
સરકારના રેસીડંટને ખબર પડતાં તેણે ત્રીમ્બકજીને મોત
શિક્ષા કરવાને પેસ્વાને ફરમાવ્યું, અને તેને કેદ પકડયો. પ
તે એક મરાઠા ઘોડાવાળાની મદદથી નાહારી ગયો. બાજીર
પોતાનું લશકર વધારયું અને ઇંગરેજો સાથ લડાઇ ચાલુ થ
૧૮૧૭. કરકી આગળ લડાઇ થઇ જેમાં બાજીરાવ અને તે
સેનાપતી બાપુ ગોખલે હાર્યા, ૧૮૧૭. પુના ઇંગરેજોએ લી
કોરેગાંઉની લડાઇમાં કપતાન સ્ટોન્ટને બાજીરાવને ફરીથી હરા
૧૮૧૮. એ પછી તરતજ બાજીરાવ ઇંગરેજોને શરણ થયો, જે
એ તેને કાનપોર નજદીક બીથાનોરમાં મોકલી આપ્યો તથા
તેને ૮ લાખ રૂપ્યાનું સાલીયાણું બાંધી આપ્યું, અને પેસ
ઓધો કાઢી નાખયો,

નાગપોરના રાજા આપા સાહેબે પેસ્વાસાથ છુપા કાવા
ચલાવ્યા હતા અને ઇંગરેજો ઉપર સીતાબલ્દીની ટેકરી
હુમલો કર્યો; પણ કેપટન ફિત્ઝરલ્ડે તેને પકડીને અલાહાબાદમ
કીધો, જ્યાંથી તે નાહસી જવા પામ્યો. તેની ગાદી ઉપર સધો
ભોંસલેના એક પૌત્રને ઇંગરેજોએ બેસાડયો,

પ્રશ્નો.

મ્હારાષ્ટ્રાની સિમા કહો. મરાઠા રાજ્યનો સ્થાપનાર કોણ હતો? શિવાજીના અમલતળે મરાઠા રાજ્યનો ફેલાવો થયો તે ક્યા સબબોને લીધે થયો હતો? શિવાજીનું જન્મચરિત્ર આપો. તેણે મેળવેલી ફતેહનો એક ટુંક હેવાલ કહો. સંગંમેશ્વર આગળ શું બન્યું? સંભાજી કેવી ખાસીયતનો હતો? તેના પછી કોણ ગાદીએ આવ્યું. તારાબાઇ કોણ હતી? ૧૭૦૮માં શું થયું? સાહુ કેવો રાજા હતો? તેના વખતમા મરાઠા રાજ્યનો અંત આવતો શાથી બચી ગયો? બાલાજી વિશ્વનાથ શામાટે પ્રખ્યાત થયલો છે. શાહુના હાથમાંથી સઘળો રાજ્યાધિકાર કોણે લઇ લીધો? પેહેલા, છેલ્લા, અને સર્વથી મોટા પેસ્વાનાં નામ દો. બીજા પેસ્વા બાજીરાવની રાજ્યનીતિ કેવી હતી? સીરોનજીના કોલકરાર કોણના વચ્ચે થયા હતા? તેની મૂખ્ય શરતો શી હતી? ત્રીજા પેશ્વાનો એક ટુંક હેવાલ આપો. કયા પેશ્વાના હાથે મરાઠા રાજ્ય મોટી ઉંચાઇએ ચઢયું હતું? ૧૭૬૦ અને ૧૭૬૧માં કઇ લડાઇ થઇ હતી? કેના વચ્ચે તે ચાલી હતી? અને તેમનો પરિણામ

શા આવ્યો હતો? પાનીપટનાં મેદાનમાં ત્રણ વેળા લડાઇ થઇ હતી.—તે કયા વરશમાં, કેના વચ્ચે, અને શા પરિણામસાથ, ચાલી હતી? ચોથો પેસ્વા કોણ હતો? તેના અમલનો એક અગત્યનો બનાવ આપો. પાચમા પેસ્વાએ કેટલો વખત અમલ ચલાવ્યો? નાના ફર્નવીસ કોણ હતો? તેના અમલમાં શું બન્યું હતું? રઘનાથ વિશે તમે શું જાણોચ? ૧૭૭૫માં તેણે શું કરયું? પુરંધરના કોલકરારમાં શી શરતો કરવામાં આવી હતી? આ કોલકરાર તરફ કોણે નાપસંદગી બતાવી? રઘનાથને પાછી પેસ્વાઇ અપાવવાને ઇંગ્રેજોએ શું કીધુ? વર્ગાઉના કોલ-કરારમાં શું નક્કી થયું હતું અને તે કયા વરશમાં? કોણે એ કરારો રદ કરયા? કરનલ ગોદારદ લશકર લઇ ક્યાં ગયો? તેણે કયું શેહેર લીધું. હાઇદરઅલ્લી કોણ હતો? તેણે શા ઉપર હુમલો કરયો? ૧૭૮૦ અને ૧૭૮૨માં શું બન્યું? સાલબાઇના કોલકરારની રૂહે શું નક્કી થયું હતું? નાના ફર્નવીસ અને નિઝામઅલ્લી વચ્ચે ઉઠેલા વાંધાનું કારણ શું હતું? કુર્દલા ક્યાં છે અને ત્યાં આગળ નિઝામને કેણે હરાવ્યો હતો? ૧૮૦૦, ૧૮૦૧, અને ૧૮૦૨માં બનેલા પ્રખ્યાત બનાવ આપો. વસઇના

કોલકરાર કેના વચ્ચે થયા હતા ? તેમાં શી શરતો કરવામાં આવી હતી ? પહેલી અને બીજી મરાઠા લડાઇઓ કયા વરશમાં ચાલી હતી ? એ બંધે લડાઇનાં કારણ કહી જાઓ. ઇંગ્રેજી લશકરની સરદારી કોણે લીધી. ૧૮૦૩માં શું બન્યુ ? અર્ગાઉની લડાઇમાં કોણ હારયું ? દેવગાંઉના કોલકરારની શરતો કહી જાઓ. લાસ્વારીની લડાઇ અને સીરજી અન્જેન ગાંઉના કોલકરાર વિશે જે જાણતા હોવ તે કહી જાઓ.

ત્રીજી મરાઠા લડાઇનાં વરશ અને કારણ આપો. લેક સરદારે કયો કિલ્લો લીધો. કરનલ મોનસન કોણના રાજ્યમાં લશક લઇ ગયો. તેનુ શું થયું ? દિલ્લી ઉપર કોણે ઘેરો નાખ્યો? ૧૮૦૪ અને ૧૮૦૫ માં શું બન્યું ? દીગની લડાઇમાં કોણ હારયું ? હવે ઇંગ્રેજોએ પોતાની રાજ્યનીતિમાં શો ફેરફાર કરયો ? ચોથી મરાઠા લડાઇ કયારે થઇ ? ત્રીમબકજી ડંગલીયા કોણ હતો. તે શામાટે જણાયલો છે ? ૧૮૧૭ અને ૧૮૧૮ ના મુખ્ય બનાવ આપો. બાજીરાવનું શું થયું ? આપા સાહેબ કોણ હતો અને તે શામાટે જાણીતો થયલો છે ?

મેડીકલ ફ્રેઝીસ.

ડાકતરો સાથ વાત કરવાને કામના વાકયોનું પુસ્તક.

આવરૂતી બીજી.

ઇંગ્રેજી નહી જાણનાર પણ શીખી શકશે. ગુજરાતીમાં
દરેક વાક્ય તથાં બોલોના ઉચ્ચાર આપેલા છે.

પેહેલી લીટી ઇંગરેજીમાં, બીજી લીટીમાં તેનો ઉચ્ચાર
ગુજરાતી અક્ષરે, ત્રીજીમાં તેના અર્થ

દરદોનાં નામ તથા શરીરના ભાગોનાં નામ.

કીમત ૬ આના.

સરવે બુકશેલરોને ત્યાંથી મળશે.